# પાલનપુર શહેરમાં ધરોઈનો પાણી પૂરવઠો થયો પૂર્વરત

પાલનપુર, તા. ૨૮

પાલનપુર શહેરને પાણી પુરૂ પાડતા ધરોઈ પંપમાં યાત્રિક ખામી સર્જાતા શહેરમાં પાણી વિતરણમાં ૫૦ ટકાનો કાપ મુકવામાં આવતા પવિત્ર શ્રાવણ અને રમઝાન માસમાં જળ સંકટ ઉભુ થવા પામ્યું હતું. પાલીકાતંત્ર આ જળ સંકટને દૂર કરવા શહેરમાં પાંચ ટેન્કરોથી જરૂરીયાતમંદ વિસ્તારમાં પીવાનું પાણી પુરૂ પાડવામાં આવ્યું હતું.

આજે પીવાના પાણીથી વંચિત વિસ્તાર એવા સોનબાગ અને જનતાનગર ટેકરી વિસ્તારની મહિલાઓ નગરપાલિકા કચેરીએ પહોંચી ગઈ હતી ત્યાં તેમને પાલીકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયારને રજૂઆત કરતા તેમને તેવી હૈયાધારણા આપી હતી કે તેઓને નિયમિત પાણી મળશે. પરંતુ પંથની યાત્રીક ખામી દૂરના થાય સુધી ટેન્કર પી પાણી પુરૂ પાડવામાં આવશે. જો કે ધરોઈ ખાતે સમારકામને છેલ્લા પાંચ દિવસથી પાણી પુરવઠો અનિયમિત હતો જે આજથી રાબેતા મુજબ શરૂ કરાયો છે. જેથી નગરજનોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા પાલિકાના પ્રમુખનો અનુરોધ કર્યો હતો.

# પાલનપુરમાં ૮ શકુની ઝડપાયા રૂ. ૨.૫૯ લાખનો મુદ્દામાલ કબજે

પાલનપુર, તા. ૨૮

બનાસકાંઠા જિલ્લાના જુગારીયા તત્વોમાં હાલ શ્રાવણીયો જુગાર ખેલવાની હોડ જામી હોય તેમ જુગારીઓ પોલીસથી બચવા માટે છાનેછપને ઠેર ઠેર જુગારના દાવપેચ ખેલી રહ્યા છે ત્યારે કયારેક પોલીસતંત્રની સજાગતાના કારણે શ્રાવણીયો જુગાર રમતા શકુનિયો પોલીસના હાથે ઝડપાઈ પણ રહ્યા છે. જે વચ્ચે આજે પાલનપુરના ડીસા હાઈ-વે ઉપર ગાડીમાં જુગાર રમતા આઠ શકુનિયો એલ.સી.બી.ના હાથે ઝડપાઈ ગયા હતા.

પાલનપુરના એરોમા સર્કલ ઉપર આજે બપોરના સમયે એક પેસેન્જર ગાડીમાં ગાડીના ચાલકો શ્રાવણીયો જુગાર રમતા એલ.સી.બી.ના પી.આઈ. આર.કે. પટેલે પોતાની પોલીસ ટીમ સાથે ઓચિંતી રેડ પાડી મેકસ ગાડીમાં જુગાર રમતા આઠ શખ્સોને પકડી લીધા હતા. જેમાં ડીસાના ભગા નાગર મકવાણા નટવરજી દેસબજી ઠાકોર, ભુરાભાઈ રાયાભાઈ રાવળ, સરદાર શથાભાઈ રાવળ, ચડોતરા પ્રતાપસિંહ નવાજી ઠાકોર, ચડિસરના ગંભીરીજી ઠાકોર અન્ય શખ્સને રૂ. ૫૫૪૦ રોકડા ચાર હજારના મોબાઈલ તથા રૂ. ૨.૫૦ લાખની ગાડી સહિત કુલ રૂ. ૨.૫૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

(તસવીર : ધનેશ પરમાર, ડીસા)



# ડીસામાં જંગલી હિંસક પ્રાણી વેજુનો દેખાડો વેજુના બે જીવીત બચ્ચા મળતા ફેલાયું કુતુહલ

આ સાલ ચોમાસાની સરૂઆત થઈ છે અને વરસાદ હાથ તાળી આપી છટકી ગયેલ છે. પરંતુ આ વર્ષો હીંસક પ્રાણી વેજુની જાત છેલ્લા પંદર વર્ષથી અ દ્રશ્ય થઈ ગઈ હતી પરંતુ આ વર્ષો જીલ્લાના દરેક ખેતરોમાં અને ફાર્મ હાઉસો પર સામાન્ય રીતે જંગલમાં મળી આવતા પ્રાણીઓ જોવા મળતા લોકોમાં ભય સાથે કુતુહલ સર્જાયુ હતું થોડા દિવસ પહેલા માલગઢ પંથકમાં હીંસક દીપડાએ દેખાદીધી હતી ત્યારે ગઈ કાલે રાજપુર ખાતે આવેલ નેનુરામ માળીના જોગણીમાતા કૃષી ફાર્મ હાઉસ ખાતે વેજુ નામના હીંસક પ્રાણીએ દેખાડો દીધો હતો ખેતરમાં દેખાયેલ । વેજુ માંદા અતી અને તેને બે બચ્ચાને જન્મ આપ્યો હતો સોમાન્ય રીતે માદા વેજુ બે થી ચારની સંખ્યામાં બચ્ચાને જન્મ આપે છે. વેજુ એક ચાલક પ્રાણી છે. જ્યારે પશુ જમીન ઉપર બેસી આરામ કરતો હોય છે. ત્યારે વેજુ ધીમે પગલે આવી પશુના પેટની અંદર પ્રવેશે છે. અને પશુઓના અંદરનાભાગે ઈજા પહોંચાડી આતરડા વગેરે ભાગો ખાઈ જાય છે. અંતે પશુ મરણ પામે છે. આ ચાલાક પ્રાણી સંપૂર્ણ માંસાહારી છે. આ સાલે વેજુ ઠેક ઠેકાણે બચ્ચા મળતા ખેડુતોની ઉંઘહરામ થઈ ગઈ છે. જોકે આ મામલે જંગલ ખાતાનો સંપર્ક કરી બચ્ચા ને સુરક્ષીત રીતે વન્ય વિસ્તારમાં મોકલી દેવા જોણ કરાયેલ છે. ગત રાત્રીએ મળી આવેલ બે વેજુના બચ્ચા મળતા ખેડુત નેનુરામ માળી મીડીયાઓ વાળાને બોલાવી જાહેરાત કરેલી અને જંગલ ખાતાવાળાઓને સોંપવાની તજવીજ હાથ ધરી હતી.

# ડીસામાં મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને અર્પણ કરાઈ અનોખી રાખડી

બાળકના સર્વાંગી વિકાસ માટે પાઠયક્રમ ની સાથે સાથે જો કોશલ્ય વિકાસની પણ પ્રવૃતીઓ કરવામાં આવે તો તેને પ્રગતીની એક નવી દીશા મળી રહે છે. આ પ્રકારના ખુબ જ ઉમદા હેતુથી શ્રી ચીમનલાલ હંસરાજ દોશી પ્રાથમીક શાળાના ચિત્ર શિક્ષક શ્રી ચંદુભાઈ એ.ટી.ડી શ્રેષ્ઠ શિક્ષક રાજયપારીતોષીક વિજેતા દ્વારા રક્ષાબંધન પર્વને અનુલક્ષીને ગુજરાતના વીકાસ પુરૂષ મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ માટે શાળાની દિકરીઓને સાથે રાખી છ ફુટની ભરત ગુંથણની રાખડી બનાવવામાં આવેલ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ગુજરાતના રક્ષાપુરૂષ અને ગુજરાતની બહેનોના વીરા થઈને અનેક બહેનોની રક્ષા તેમજ કલ્યાણ કરવાની વીશિષ્ટ ભાવના ધરાવે છે. તેમની આ ઉમદા ભાવનાઓ જોઈ અમારી શાળાની બાળાઓએ પણ તેઓ શ્રી ને રૂબરૂ મળી રક્ષા રાખડી બાંધવાની ઈચ્છા વ્યકત કરી હતી. આ રક્ષા રાખડીમાં જુદા જુદા પ્રેરણાદાઈ સુવાકયો જેવા કે દીકરી વધાવો, દીકરી વાહલનો દરીયો, દીકરીની આંખમાં ભગવાન જોઉ છુ. વિગરે લખવામાં આવેલ છે.



દાંતાના અંતરિયાળ વિસ્તારના અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓને છેલ્લા ઘણા સમયથી બસના છાપરે ચઢી જોખમી મુસાફરી કરી રહ્યા છે. ત્યારે આ વિસ્તારના વિદ્યાર્થી અને અન્ય મુસાફરો ભારે રોષે ભરાયા છે અને એસ.ટી. તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કરી એસ.ટી. તંત્ર આ મામલે યોગ્ય પગલા લઈ તાત્કાલિક ધોરણે નિરાકણ લાવે તેમ વિદ્યાર્થીઓ ઈચ્છી રહ્યા છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# અખિલ ભારતીય પાલ મહાસભા ડીસા તાલુકાના હોદ્દેદારોની વરણી

## ડીસા તાલુકા પ્રમુખ તરીકે નરસિંહભાઈ દેસાઈની વરણી

ડીસા, તા. ૨૮

અખિલ ભારતીય પાલ મહાસભા ગુજરાતના અધ્યક્ષ ઘનશ્યામભાઈ સાવધારીયા અને સંગઠન મંત્રી મફાભાઈ મોડણભાઈ દેસાઈ (ડાભી)ની સુચનાથી બનાસકાંઠા જિલ્લા પાલ મહાસભાના અધ્યક્ષ અરજણભાઈ ચોથાભાઈ દેસાઈ (ઉણ)એ અખિલ ભારતીય પાલ મહાસભા ડીસા તાલુકાના હોદ્દેદારોની વરણી કરી હતી.

જેમાં પ્રમુખ તરીકે નરસિંહભાઈ હાથીભાઈ દેસાઈ (બાઈવાડા), ઉપપ્રમુખ તરીકે ગફુરભાઈ માલજીભાઈ દેસાઈ (ડીસા), ગોવાભાઈ હરીભાઈ દેસાઈ (દામા), મહામંત્રી તરીકે રામજીભાઈ દાનાભાઈ દેસાઈ (શરત), મંત્રી તરીકે કેતનભાઈ બાબરભાઈ દેસાઈ, પરબતભાઈ ગમાનભાઈ દેસાઈ (નાંણી), પ્રવક્તા તરીકે એડવોકેટ મેરાજભાઈ લીલાભાઈ દેસાઈ (વડાવળ), કોષાધ્યક્ષ તરીકે મફાભાઈ મશરૂભાઈ દેસાઈ (દામા), જિલ્લા કારોબારી સભ્ય તરીકે બળદેવભાઈ સરતાનભાઈ રાયકા (ડીસા) તેમજ



કારોબારી સભ્યો તરીકે જયેશભાઈ લીલાભાઈ દેસાઈ (ડીસા), વાહજીભાઈ હરીભાઈ દેસાઈ (દામા), દશરથભાઈ પીરાભાઈ દેસાઈ (આગડોલ), બાબુભાઈ વસ્તાભાઈ દેસાઈ (ડીસા), મહેન્દ્ર કુરસીભાઈ દેસાઈ (ડીસા-ટેકરા), અરજણભાઈ જાયમલભાઈ દેસાઈ (ડીસા), પ્રવિણભાઈ મગનભાઈ દેસાઈ (ભાટસણ), દશરથભાઈ રાણાભાઈ દેસાઈ (ખરડોસણ), અમરતભાઈ તેજાભાઈ દેસાઈ (ડીસા), વિજયભાઈ પાંચાભાઈ દેસાઈ (ડીસા), શૈલેષભાઈ મોહનભાઈ દેસાઈ (ડીસા), વિક્રમભાઈ જોરાભાઈ દેસાઈ (ડીસા), રમેશભાઈ હમીરભાઈ દેસાઈ (કાતરવા), સોમાભાઈ ઝવેરભાઈ દેસાઈ (જૂનાડીસા), ઢેંગાભાઈ ખેતાભાઈ દેસાઈ (શેકરા), ભરતભાઈ જીવાભાઈ દેસાઈ (ડીસા), જગદીશભાઈ વેરશીભાઈ દેસાઈ (ડીસા)ની વરણી કરવામાં આવી છે.

## તલોદ મામલતદારે આકસ્મિક ચેકીંગ હાથ ધરતા સાત ઓવરલોડેડ ટ્રક ડીટેઈન કરી

તલોદ તાલુકાના તાજપુર કેમ્પ હરસોલ રોડ પર તલોદ મામલતદારે ગતરોજ રાત્રે આકસ્મિક ચેકીંગ હાથ ધરતા ઓવરલોડ કપચી ભરેલી સાત ટ્રકો ડીટેઈન કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. તલોદના હરસોલ તાજપુર હાઈવે પર રાત્રે ઓવર લોડેડ કપચીની ટ્રકો ટ્રીપ મારે છે. જેની જાણ તલોદ મામલતદારને થતા ગતરોજ રાતે પોલીસ સ્ટાફ અને તલોદ મામલતદારે ચેકીંગ હાથ ધરતાં એક પછી એક કુલ સાત ટ્રકો ઓવરલોડ હોવાના કારણે ડીટેઈન કરી દંડનીય કાર્યવાહી કરી હતી. અચાનક ચેકિંગ હાથ ધરાતા ટ્રક માલિકો તેમજ ઓવરલોડેડ ટ્રકની ટ્રીપ મારનાર લોકોમાં ફફળાટ વ્યાપી ગયો છે. આવી બ્લેક ટ્રીપો મારતા ટ્રકોના પૈડા હાલ થંભી ગયા છે.

# હિંમતનગરમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની તડફંચી

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં મોડાસા, ઈડર અને હિંમતનગર આ ત્રણ તાલુકા મથકે વારંવાર બે અજાણ્યા ઈસમો મોટર સાઈકલ લઈ સોનાના દોરાની તડફંચી કરી લઈ જાય છે અને છેલ્લા એક દોઢ વર્ષથી દોરાની તડફંચી અને બાઈક ચોરીના બનાવો પણ બહુજ બને છે પરંતુ પોલીસ બાઈક ચોરી કે દોરા તડફંચીના આરોપીઓ સુધી પહોંચવામાં નિષ્ફળ રહી છે એમાંય જિલ્લા મથક હિંમતનગર શહેરમાં તો દોરાની તડફંચીના બનાવ તો દિવસમાં એક સાથે બે અને દિવસ દરમિયાન ચાર જેવા બનાવો બનેલા છે જ્યારે બાઈક ચોરીની તો વાત જ ના પૂછો પણ દોરા તડફંચી અને બાઈક ચોરીની ફરિયાદો બનાવ બન્યો હોય ત્યારે નહિ ક્રાઈમનો રેસીયો ઘટાડવા માટે થોડા દિવસ બાદ નોંય છે. તેવી જ ફરિયાદ હિંમતનગર ટાઉન પોલીસ મથકે શુક્રવારની રાત્રીના દોરાની તડફંચીની નોંધાઈ છે.

વિગત મુજબ હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારમાં રહેતા અરૂણાબેન સનતકુમાર શાહ ગત ૧૬મી જુલાઈની સવારે ૧૦ વાગે મંદિરેથી દર્શન કરી ઘરે પરત જતા હતા ત્યારે મંદિર નજીક રોડ પર મહિલાની પાછળથી બે અજાણ્યા ઈસમો મોટરસાઈકલ લઈ આવી મહિલાના ગળામાંથી સોનાનો ૨૦ હજારની કિંમતનો દોરો ખેંચી નાસી ગયેલા જે અંગે અરૂણાબેન શાહે હિંમતનગર ટાઉન પોલીસમથકે નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે હજુ સુધી દોરા તડફંચી અને બાઈક ચોરીના બનાવો બહુજ નોંધાયા છે પણ પોલીસ બે અજાણ્યા ઈસમોને શોધી શકી નથી. તેમની હાથમાં માત્ર શકમંદ ઈસમો જ પકડાય છે. અને કહેવત છે કે જો પોલીસ ધારે તો પાતાળમાંથી પણ આરોપીને પકડી લાવે છે અને હવે પ્રજા શું વિચારે છે તે જોવું રહ્યું.

# પાલનપુરમાં રૂ. ૯૩,૦૦૦ના કોમ્પ્યૂટર સાધનોની ચોરી કરી તસ્કરો પલાયન

પાલનપુર, તા. ૨૮

પાલનપુરના જુના ગંજ બજાર વિસ્તારમાં આવેલ કોમ્પ્યૂટરના સાધનોની એક દુકાનમાંથી કેટલાક ચોર ઈસમો રૂ. ૯૩,૦૦૦ના કોમ્પ્યૂટરના સાધનોની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. જે અંગે પાલનપુર શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ પાલનપુરના જુના ગંજ બજાર વિસ્તારમાં આવેલ અમીર કોમ્પલેક્ષમાં હિતેશભાઈ મેડાતે કોમ્પ્યૂટરના સાધનોની છેલ્લા ઘણા સમયથી દુકાન ચલાવે છે ત્યારે ગત રોજ નિયમ પ્રમાણે પોતાની દુકાનને તાળુ મારી ઘરે ગયા હતા. દરમિયાન રાત્રિના સમયે કેટલાક તસ્કરોએ આ દુકાનને નિશાન બનાવી હતી અને દુકાનના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદર પડેલ રૂ. ૯૩,૦૦૦ના કોમ્પ્યૂટરના સાધનોની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સવારે દુકાનમાલિક દુકાને આવી જોતા ચોંકી ઉઠ્યા હતા અને આ ચોરી અંગે શહેર પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંભોઈ નજીક ટ્રેલર અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

સાબરકાંઠા, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીક હાઈવે પર આવેલ કેશરપુરા ગામ પાસે શુક્રવારની વહેલી સવારે ટ્રેલર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એકનું મોત નીપજ્યું હતું. આ અંગે ગાંભોઈ પોલીસમથકે હરીશભાઈ કડવાજી ગામેતીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રેલરચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંભોઈ પોલીસમથકના પી.એસ.ઓ. ગણપતભાઈએ જણાવેલ કે ગત ૨૭મી જુલાઈને શુક્રવારની રાત્રીના અમદાવાદથી શામળાજી તરફ બાઈક નંબર-જીજે-૯-૩૬૦૯ લઈ જતા કાન્તીભાઈની બાઈક પાછળ શંભુભાઈ શંકરભાઈ મીણા બેઠેલા હતા. દરમિયાન હિંમતનગરથી શામળાજી નેશનલ હાઈવે-૮ પર ગાંભોઈ નજીક કેશરપુરા ગામ પાસે રાત્રીના ૧૨.૩૦ વાગે ટ્રેલર નં. આરજે-૨૭-જીએ-૩૫૭૧ના ચાલકે આગળ જતી બાઈકને પાછળથી ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈકના ચાલક અને સવાર બંને જણા રોડ પર પટકાયા હતા જેમાં ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર રાજસ્થાનના તા. જી. ડુંગરપુરના દેવલગામડી ગામના ૨૫ વર્ષીય શંભુભાઈ શંકરભાઈ મીણાનું મોત નીપજ્યું હતું જ્યારે ચાલક કાન્તીભાઈને શરીરે ઈજાઓ થઈ હતી. આ અંગે ગાંભોઈ પોલીસમથક જાણ થતા પોલીસે ઘટનાસ્થળ પર જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## પવિત્ર શ્રાવણ માસમાં ભ્રુણ હત્યાં : નવ મહીનાના બાળકનો કેનાલની ભીતે પછાડી હત્યા

શ્રાવણ માસનાં પવિત્ર દિવસોમાં ભ્રુણ હત્યા નવ મહીનાના બાળકને કેનાલની ભીતે અજાણ્યા ઈસમો એ બેરહમી પુર્વક પછાડી કેનાલમાં ફેંકી દેતા સમગ્ર વિસ્તારમાં આ ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. જેમાં આ બાળકનું દ્રસ્ય જોઈ કોલોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ કૃત્ય રચનાર આરોપીને ઝડપી પાડવા અને જેલના સળીયા પાછળ ધકેલી દેવા માંગ ઉઠી છે. દિયોદર તાલુકાના જાલોઢા ગામની સીમમાંથી પસાર થતી સુજલામ્ સુફલામ્ કેનાલમાંથી મૃત હાલતમાં માનવ ભ્રૂણ માળી આવતાં ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડયા હતા અને પવિત્ર શ્રાવણ માસમાં આવું કૃત્ય કરનાર સામે લોકોએ ફીટકાર વરસાવ્યો હતો. પ્રાપ્ત વિગત અનુસાર દિયોદર તાલુકાના જાલોઢા ગામની સીમમાંથી પસાર થતી સુજલામ્-સુફલામ્ કેનાલમાં ગત રોજ સવારમાં રાહદારીઓને ભ્રૂણ નજરમાં આવતા ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા. જેથી દિયોદર પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. જેમાં ગત રાત્રીના સમયે કોઈ અજાણ્યા હરામખોરો દ્વારા પોતાનું પાપ છુપાવવા માટે ૮ માસના નાના જન્મેલ બાળકને સુકી પડેલ કેનાલમાં ફેકી દેવામાં આવ્યો હતો. જો કે પુલ ઉપર આ બાળકને વારંવાર પછાડી લોહીના ડાઘાના નિશાન પણ પુલ ઉપરથી મળી આવ્યા છે. અને પ્રથમ દ્રષ્ટિએ આ બાળકને બેરહેમીપૂર્વક પુલ ઉપર વારંવાર પછાડી હત્યા કરી પછી કેનાલમાં ફેંકવામાં આવ્યું હશે તેવું દેખાઈ આવતું હતું જો કે પવિત્ર શ્રાવણ માસમાં આવું કૃત્ય કરનાર ઉપર લોકોએ ફીટકાર વરસાવ્યો હતો.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ, બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |


A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar

Mobile : 94265 13601

ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.

આથી વહીવટી સંચાલક ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.ની કચેરી દ્વારા નીચે જણાવેલ કામ માટે સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશન ધરાવનાર હોય તેવી રસ ધરાવનાર અનુભવી એજન્સીઓ પાસેથી નિયત ભાવપત્રકમાં ભાવો મંગાવવામાં આવે છે. રસ ધરાવતી એજન્સીઓએ અનુભવના પ્રમાણપત્રની નકલ તથા ટેન્ડર ફી તરીકે રૂ. ૨૦૦/-નો ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી. ગાંધીનગરના નામનો ડી.ડી. અરજી સાથે તા. ૬/૮/૧૨ (૧૮.૦૦ કલાક) સુધી રૂબરૂમાં ટેન્ડર આપવામાં આવશે. ભરેલ ભાવપત્રકો તા. ૧૩/૮/૧૨ સુધી રજી.પો.એ.ડી.થી સીલબંધ કવરમાં નીચેના સરનામે પરત કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો શક્ય હશે તો તા. ૧૪/૮/૧૨ના રોજ ૧૨.૦૦ કલાકે હાજર રહેલ એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે. કવર પર "કોમ્પ્યુટર સિસ્ટમ, લેપટોપ અને પ્રીન્ટરના વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટનું ભાવપત્રક" એમ અવશ્ય લખવું.

| કામનું નામ |
|---|
| જી.એસ.આર.ડી.સી. ગાંધીનગરની કચેરી ખાતે કોમ્પ્યુટર સિસ્ટમ, લેપટોપ અને પ્રીન્ટરના વાર્ષિક મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ માટે ભાવ મંગાવવા બાબત. |

જનરલ મેનેર (પ્રોજેક્ટ)
ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લી.
ભોંયતળિયે, નિર્માણ ભવન, સેક્ટર નં. ૧૦/એ, ગાંધીનગર
ફોન નં. : ૦૭૯-૨૩૨૫૨૯૧૨/૧૫
www.gsrdc.com માહિતી/૯૬૩/૧૨-૧૩

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચૂકડી જાહેર ખબર

સાંઈ દર્શન શિરડી શનિદેવ

અમદાવાદથી દર શુક્રવારે તથા દર મંગળવારે ૨X૨ લકઝરી બસ ઉપડે છે. રહેવા-જમવા સાથે શ્રાવણ/અધિક માસમાં મહારાષ્ટ્ર પાંચ જ્યોતિર્લીંગ દર્શન

સાઈરથ ટ્રાવેલ્સ

જીતુભાઈ

મો. : ૯૪૨૬૩ ૮૪૧૮૫